ઉતરાયણની પૂર્વ રાત્રીએ ખૂની ખેલ ખેલાયો

મકરપુરા વિસ્તારમાં ચાવી બાબતે થયેલા ઝઘડામાં યુવકની હત્યા

પરપ્રાંતિય પિતા-પુત્ર સહિતના ટોળાએ યુવક પર હુમલો કર્યા બાદ ઉચકીને માથું લોખંડની ગ્રીલ સાથે પછાડ્યું,

પોલીસ હુમલામાં પિતા-પુત્ર સહિત ત્રણ આરોપીની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં ઉતરાયણની પૂર્વ રાત્રિએ ચાવી આપવા જેવી સામાન્ય બાબતે પરપ્રાંતીય પિતા પુત્ર સહિતના લોકોએ યુવક સાથે ઝઘડો કર્યો હતો. યુવકને ઢોર માર માર્યા બાદ લોખંડની ગ્રિલ સાથે માથું અથાડી પણ લાકડીઓ વડે હિંસક હુમલો કરીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. જેમાં ભાભીએ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યા કરનાર ટોળા પૈકીના પિતા અને પુત્ર સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી શિવ શક્તિનગર સોસાયટીમાં રહેતા સુશીલાબેન પટેલની મોટી દિકરી અંશીકાનો 13 જાન્યુઆરીના રોજ બર્થ ડે હોય દીયર અનુપ ગજાનંદ પટેલ (રહે.આમ્રપાલી કોમ્પલેક્ષ,એરફોર્સ સ્ટેશન પાસે, મકરપુરા, વડોદરા) રાત્રીના સાડા નવેક વાગે આવ્યા હતા. તે વખતે દસ-પંદર મિનીટ સુધી ઘરમાં બેસી બર્થ ડે વિશ કરી દિયર નોકરીનો સમય થઈ ગયો છે તેવું કહી તેઓ ઘરની બહાર નીકળ્યા હતા ત્યારે તેમની બાજુમાં રહેતા મનુ યાદવનો દિકરો રાહુલ યાદવ અન્ય શખ્સ સાથે આવ્યો હતો ચાવી બાબતે બંને દિયર સાથે ઝઘડો કરવા લાગ્યા હતા. રાહુલ યાદવે દિયર અનુપને બે-ત્રણ ઝાપટ ગાલ માર્યા હતા.

જેથી મહિલા, તેમની બહેન, મંજુ, ભાઈ સંજીવ, મમ્મી પપ્પા, ભાભી મમતાબેન તેઓને છોડાવવા માટે વચ્ચે પડ્યા હતા. રાહુલ યાદવ તથા સુભાષ યાદવે મહિલા દિયર અનુપને ઢોર માર માર્યો હતો. જેથી તેઓ મારથી બચવા માટે ઘરની બહારની લોખંડની ગ્રીલ ખોલીને ઘરની અંદર આવવાની કોશિશ કરતા હતા. દરમ્યાન આ બંને લોકોએ તેને પકડી લોખંડની ગ્રીલ સાથે જોરજોરથી અથડાવવા લાગ્યા હતા. રાહુલ યાદવના પપ્પા મનુ યાદવ , સુભાષ યાદવ તથા અન્ય કેટલાક અજાણ્યા શખ્સો ઘરમાં ઘૂસી હુમલો હતો. જેથી મહિલા દિયર બેભાન થઈ ગયા હતા. આ હુમલાખોરોએ સુશીલાબેન તથા તેમની બહેન મંજુ તેમજ ભાઈ સંજીવ સાથે ઝઘડો કર્યો હતો. મંજુબેને પોલીસને ફોન કરતા હુમલાખોરો નાસી ગયા હતા. બેભાન હાલતમાં 108 એમ્બ્યુલન્સ મારફતે એસએસજી હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યારે હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે અનુપભાઈને મરણ જાહેર કર્યા હતા. મૃતક અનુપભાઈના ભાભીએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાની ગુનો નોધી રાહુલ મનુ યાદવ, મનુ યાદવ તથા સુભાશ યાદવ (રહે. જસોદા કોલોની, મકરપુરા, વડોદરા) ધરપકડ કરી હતુ.જયારે અન્ય કેટલાક અજાણ્યા શખ્સોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

અન્ય આરોપીઓને નહીં પકડાય, ત્યાં સુધી મૃતદેહ પોલીસ સ્ટેશનમાં પડ્યો રહેશે

મકરપુરા વિસ્તારમાં આવેલા શિવ શક્તિ નગરમાં રહેતા અનુપ પટેલ નામના યુવકને ત્યાં જ રહેતા મનુ યાદવ રાહુલ યાદવ અને સુભાષ યાદવ સહિત અન્ય લોકોએ ભેગા મળીને ઢોર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ તેના પર લાકડીઓ વડે પણ હિંસક હુમલો કરીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. હત્યા કર્યા બાદ હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. જેને સ્થાનિક મકરપુરા પોલીસ તથા ક્રાઈમ બ્રાન્ચની વિવિધ ટીમો દ્વારા આ હત્યારાઓની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. સતત શોધખોળ કરી આરોપી ત્રણ આરોપીની ધરપકડ કરી લીધી હતી. પરંતુ એની હુમલાખોરો હજુ નહીં પકડાતા મૃતકના પરિવારજનોમાં ભારે રોષ ફેલાયો હતો. તેઓએ મૃતદેહ લઈ અંતિમ વિધિ કરવાના બદલે મકરપુરા પોલીસ સ્ટેશન બહાર લઈને પહોંચ્યા હતા. ત્યારબાદ અન્ય આરોપીઓની ધરપકડ કરવા માટે પરિવાર સહિતના સભ્યોએ માંગણી કરી છે. મૃતકના પરિવારના સભ્યે આક્ષેપ સાથે જણાવ્યું હતું કે એક અન્ય આરોપીઓને પકડવામાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જ્યાં સુધી આરોપીઓ નહીં પકડાય ત્યાં સુધી મૃતદેહની અંતિમ વિધિ નહીં કરવામાં આવે તેવી ચીમકી આપવામાં આવી છે. હુમલામાં સામેલ એક મુખ્ય આરોપીને પોલીસ નહીં પકડતી હોવાનો આક્ષેપ મૃતકના પરિવારજન દ્વારા કરાયો છે.

હુમલાખોર પિતા પુત્ર ગેરકાયદે ધંધો કરતો કરતા હોવાનો આક્ષેપ

સ્થાનિક સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ મનુ યાદવ તથા તેનો પુત્ર રાહુલ યાદવ મકરપુરા વિસ્તારમાં રહે છે. પરંતુ આ પરપ્રાંતિય લોકો વિસ્તારમાં ધંધો કરે છે અને કોઈ કહેવા જાય તો તેમની સાથે દાદાગીરી ઝઘડા કરતા હોય છે. અગાઉ પણ આ લોકો દ્વારા સ્થાનિકો સાથે મારામારી કરી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

માંજલપુર અલવાના નાકા પાસે આવેલા દર્શન નગરમાં બનેલી ઘટનાથી તણાવ

વાહનચાલકો વચ્ચે સામાન્ય અકસ્માત, બે જૂથો સામ સામે આવી જતા પથ્થર મારો

માંજલપુર પોલીસે ઘમાલિયા તત્વોની અટકાયત કરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં અલવા નાકા પાસે આવેલા દર્શન નગરમાં બે યુવકો વચ્ચે થયેલા સામાન્ય અકસ્માતે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. બે જૂથો સામ સામે આવી જતા પથ્થરમારો થયો હતો. બનાવની જાણ થતા જ માંજલપુર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ધમાલિયા તત્વોને ઝબ્બે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરા શહેરમાં સામાન્ય અકસ્માતમાં પથ્થર મારાની ઘટના બની હતી માંજલપુર અલવાના નાકા પાસે આવેલ દર્શન નગરમાં આ ઘટના બની હતી. વાહન ચાલકો વચ્ચે સામાન્ય અકસ્માત સર્જાયા બાદ બંને વચ્ચે બબાલ થઈ હતી. જેમાં એક વાહનના ચાલકે અન્ય લોકોને બોલાવી દેતા ઝઘડાએ મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સોસાયટીના બે જૂથો સામ સામે આવી ગયા હતા અને પથ્થરમારો કર્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. જોકે સત્વરે માંજલપુર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને સમગ્ર મામલો થાળે પાડ્યો હતો.

દર્શન નગરમાં રહેતા હરીશભાઈએ જણાવ્યું હતું કે, મારો ભાઈ અહીંથી ગાડી લઈને નીકળ્યો અને સામેથી બીજો પોતાની ગાડી લઈને આવ્યો,બંનેની ગાડી ટચ થઈ છે કે નથી થઈ એ ખ્યાલ નથી, પણ ત્યાં આવીને એને સીધો મારવા માંડ્યો હતો. ગલ્લા ઉપર જઈને તેને માર્યો હતો. બે વ્યક્તિ હતા બાઈક પર મેં એમને કીધું કે મગજમારી કેમ કરો છો, પરંતુ એ વધારે મારવા માંડ્યો એટલે અમારે છોડવા માટે વચ્ચે પડવું હતું. એણે પાછું પાછળથી બીજા માણસોને બોલાવી લીધા હતા. એટલામાં તો બધી બહુ પબ્લિક આવી ગઈ હતી અને પથ્થર લઈને સામે થઈ ગયા હતા અને પછી પથ્થર મારવા માંડ્યા હતા. આ મામલે અમે પોલીસને જાણ કરી દીધી હતી. પોલીસ આવી હતી અને બધાને પકડીને લઈ ગઈ હતી.

સુપરિન્ટેન્ડન્ટ ઓફિસ બહાર પત્નિ અને પુત્ર સાથે ધરણા પર બેસી કર્મચારીની ન્યાયની માંગ

સાથી કર્મચારીઓએ માનસિક ત્રાસ ગુજારતા રેલવે કર્મચારીની આત્મવિલોપનની ચીમકી

ભાવેશ પવાર અને મનસારામ યાદવ માનસિક ત્રાસ ગુજારતા હોવાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

પશ્ચિમ રેલવેના વડોદરા રેલ્વે સ્ટેશન ઉપર ફરજ બજાવતા રેલવે કર્મચારી અફઝલ સૈયદ ને સાથી કર્મચારીઓ દ્વારા માનસિક ત્રાસ ગુજારવામાં આવી રહ્યો હોવાના આક્ષેપ સાથે સ્ટેશન અધિક્ષકની ઓફિસ બહાર આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી. જોકે સ્ટેશન પર હાજર પોલીસ કર્મચારીઓ દ્વારા તેને આ પગલું ભરતા અટકાવવામાં આવ્યો હતો. જ્યારે તેઓએ પત્ની અને પુત્ર સાથે ધરણા પ્રદર્શન કરી ન્યાયની માંગણી કરી હતી.

પશ્ચિમ વિભાગના વડોદરા રેલ્વે સ્ટેશનમાં સન્ટીંગમાં ફરજ બજાવતા કર્મચારીને અન્ય વિભાગના કર્મચારી યેનકેન પ્રકારે માનસિક રીતે હેરાન પરેશાન કરતા હોવાના આક્ષેપ સાથે કર્મચારીએ પોતાના પરિવાર સાથે સ્ટેશનની ઓફિસ બહાર આત્મ વિલોપન કરવાની ચીમકી સાથે ધરણા પ્રદર્શન કરતા પોલીસે તેની અટકાયત કરી હતી. રેલવે કર્મચારી અફઝલ સૈયદે જણાવ્યું હતું કે, ડીઆરએમને ખબર પડે કે અહીંયા સંપૂર્ણ નેતાગીરી થઈ રહી છે. મારે આ દેખાવો એટલા માટે કરવો પડ્યો કે, મારી નોકરી ઉપર ભાવેશ પવાર, મનસારામ યાદવ, જેઓ મારી ઝીણવટ ભરી નોંધ લઈ રહ્યા છે , હું કેટલા વાગે આવું છું કેટલા વાગે જવ છું, શુ કરું છું શુ નથી કરતો. અને ખોટી માહિતી આપી મેન્ટલ હેરેસમેન્ટ છેલ્લા બે વર્ષથી કરી રહ્યા છે. આ મામલે મેં લેખિત મૌખિક તમામ પ્રકારે રજુઆત કરી છે પરંતુ એનું કોઈ યોગ્ય ઉકેલ આવ્યો નથી. મારી પત્ની પણ એમની મુલાકાતે ગઈ પણ કોઈ રિસ્પોન્સ મળ્યો નહિ. ડીઆરએમને મળવા ગઈ તો ના મળ્યા બીજી કોઈ વ્યક્તિ એમને મળી એણે આવેદન સ્વીકાર્યું. તમારી સુનવાઈ થશે. પણ કઈ ના થયું અને છેલ્લે ઓન ડ્યુટી મને એટલો માનસીક ત્રાસ આપ્યો એટલે મારે આ પગલું ભરવાની ફરજ પડી હતી. જો મને કંઈ થઈ જશે તો તેનો જવાબદાર મનસારામ યાદવ અને ભાવેશ પવાર હશે. પ્રસાશને લેખિત અને મૌખિકમાં વાત કરી કાર્યવાહી કરવા બાંહેધરી આપી હતી.

વાસી ઉત્તરાયણે સિઝનનો કોલ્ડેસ્ટ ડે

વડોદરામાં રેકોર્ડ બ્રેક, સિઝનનું સૌથી નીચું 10 ડીગ્રી તાપમાન નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરામાં ગુરુવારે રેકોર્ડ બ્રેક સીઝનનું સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. લઘુત્તમ પારો ગગડીને 10 ડિગ્રીએ પહોંચી ગયો હતો. વહેલી સવારે અને મોડી રાત્રે શહેર ઠંડુ ગાર બન્યું હતું. ઠંડા પવનો ફૂંકાતા લોકોએ ઉત્તરાયણના તહેવારોમાં ધાબા પર તાપણા સળગાવ્યા હતા. આગામી 22 જાન્યુઆરીથી ચાર દિવસ તાપમાન ખૂબ નીચું જવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

શુક્રવારે અને શનિવારે તાપમાન એકથી 2 ડિગ્રી વધી શકે છે. જો કે 16 જાન્યુઆરી બાદ ફરી રાજ્યમાં ઠંડી વધી શકે છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ઠંડી વધુ પડવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી મુજબ 16 બાદ ઠંડીનું જોર યથાવત રહેશે. ખાસ કરીને 22 જાન્યુઆરી બાદ ઠંડીનું પ્રમાણ વધી શકે છે કારણ કે, આ સમય દરમિયાન તાપમાન ખૂબ નીચું જઈ શકે છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં 10 ડિગ્રીથી નીચે તાપમાન જઈ શકે છે. 22 જાન્યુઆરીથી 25 જાન્યુઆરી સુધી દિવસના તાપમાનમાં પણ ધરખમ ઘટાડો થતાં દિવસમાં પણ હાડ થીજાવતી ઠંડી પડી શકે છે. આ દિવસોમાં તાપમાનનો પારો ગગડવાની સાથે સૌરાષ્ટ્રમાં પવનની ગતિ પણ વધી શકે છે. 22 પ્રતિ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. હવામાનના અનુમાન મુજબ 30 જાન્યુઆરી બાદ મોટુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવી શકે છે. જેની અસરથી ગુજરાતના હવામાનમાં ફેરફાર થઈ શકે છે. વડોદરામાં ગુરુવારે મહત્તમ તાપમાન 30.8 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 10 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 82 ટકા અને સાંજે 23 ટકા નોંધાયું હતું.

માનસિક ત્રાસથી કંટાળી પીડિતાએ ઘર આત્મહત્યા મન બનાવ્યું

અભયમની મદદ માગતા ટીમે કાઉન્સેલિંગ કરીને મહિલા તથા પતિ વચ્ચે સુખદ સમાધામ કરાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા જિલ્લાના જરોદ વિસ્તારમાં રહેતી પરીણીતાને તેમના સાસરી અને પિયર ના માનસિક ત્રાસ થી કંટાળી ને વડોદરા સિટી મા આવી આત્મહત્યા ના વિચાર આવતા અભયમ ટીમનો સંપર્ક કર્યો હતો.

જરોદ વિસ્તારમાં રહેતી પરીણીતાએ અભયમ ટીમ એ કાઉન્સિલિંગ કરતા જાણવા મળ્યું કે પીડિતા બેન જરોદમા તેમની સાસરી છે અને લગ્નને 7 વર્ષ થયાં છે. લગ્ન સામાજિક રીત રિવાજ મુજબ કરવામા આવ્યાં છે. તેમને સંતાનમા બે બાળકો છે પતિ છૂટક મજૂરી કરે છે પણ કામ બાબતે અને નાની નાની બાબતે પતિ વ્યશન કરીને આવીને પત્ની પર હાથ ઉપાડતો હતો અને અપશબ્દો બોલી માનસિક ત્રાસ આપતો હતો. પીડિતાએ પિયર પક્ષમા વાત કરતા પીડતાને પિયર લઈ ગયા હતા પણ પિયરમા પણ પિયર પક્ષ તરફથી માનસિક ત્રાસ મેણા ટોણા સંભળાવતા હોવાથી પીડિતા ઘરેથી નીકળી ગયા હતા અને આત્મહત્યા કરવા નવા વિચાર કરી વડોદરા સિટી મા બાપોદ અભયમ ટીમ ને મળતા અભયમ ટીમ એ પીડિતાને આશ્વાશન આપ્યું હતુ કે આમ આત્મહત્યાના વિચારના કરવા જોઈએ અને પરિવારમા સંતાનો પણ છે જેથી એકદમ આ પગલું ભરવું યોગ્ય નથી આવા વિચાર ના કરી ટીમે બેનને હૂંફ પહોંચાડી હતી અને જેમાં ટીમએ પીડિતા પાસેથી તાત્કાલિક પતિ મોબાઈલ નંબર લઈ પતિનો સંપર્ક કર્યો અને પિયરમા પણ સંપર્ક કરતા બે પક્ષ આવ્યા બાદ અભયમ ટીમ દ્વારા પતિને કાયદાકીય સમજ આપેલ અને સલાહ સૂચન આપેલ પત્નીની મારઝૂડ ના કરે અને કોઈ પણ પ્રકારની હિંસાના કરે એ માટે સમજ આપી હતી. જેમાં પતિ પત્નીને ઘરે લઈ જવા જણાવી કાયદાકીય સલાહ સૂચન માર્ગદર્શન પૂરું પાડતા સમાધાન કરાવ્યું હતું.

અગાઉ થયેલા ઝઘડાની અદાવતે ઉત્તરાયણના દિવસે ત્રણ લોકો પર ચાકુના ઘા ઝીંક્યા

હરણી વારસિયા રીંગરોડ પર સ્વાદ ક્વાર્ટર્સમાં પતિ-પત્ની અને પુત્રે ભેગા મળી એક જ પરિવારના 3 લોકો પર તૂટી પડ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

ખોડીયાર નગરમાં આવેલી સોસાયટીમાં રહેતા નીકુલ ઉર્ફે ભયલુ નટવરભાઈ મણિલાલ સોલંકીએ પોલીસને જણાવ્યું છે કે, તેઓ પર્સનલ જીમ ટ્રેનર તરીકે કામ કરે છે. 13 જાન્યુઆરીએ રાત્રે પતંગ દોરા લેવા તેઓ પોતાના મામા ગણપતભાઈ ભઈલાલભાઈ સોલંકીના સમાજ બોટલ્સના ઘરે ગયા હતા. ત્યારે રસ્તામાં કેસરિયા ચાર રસ્તા પાસે નિકુલ તેમના માસીના પુત્ર બોની સોલંકીને મળ્યા હતા અને બંને ઘરે પરત આવ્યા હતા. ઘરનો દરવાજો બંધ હોવાથી બૂમ પાડતા તેમની સામે રહેતા પ્રેમ રમેશભાઈ મારવાડી એક્ટિવા પર આવ્યો હતો અને ઝઘડી કરી પટ્ટા વડે માર માર્યો હતો. પરંતુ તેમના સંબંધો સારા હોવાથી ફરિયાદ કરી નહોતી.

14 જાન્યુઆરીએ ઉત્તરાયણના દિવસે મામાના ઘરે પતંગ ચગાવવા ગયા હતા. રાત્રે 8 વાગ્યે ધાબા પરથી નીચે ઉતર્યા હતા. રાત્રે 10 વાગ્યાની આસપાસ મામાના ઘરના ગેટ પાસે ઊભા હતા ત્યારે પ્રેમ મારવાડીએ આવીને ધક્કા માર્યા હતા અને ચપ્પુ કાઢીને મને ઘા માર્યા હતા. પ્રેમના પિતા રમેશભાઈ મોહનભાઈ મારવાડી અને માતા વૈશાલીબેન મારવાડી પણ દોડી આવ્યા હતા અને નિકુલને લાતો અને ફેંટો વડે માર માર્યો હતો. બચાવવા વચ્ચે પડેલા નીકુલના બનેવી મનીષભાઈ ગોપાલભાઈ સોલંકીને પણ પ્રેમે ખભા પાછળ ચપ્પુનો ઘા માર્યો હતો. બોની દશરથભાઈ સોલંકીને પણ છાતી અને મોંના જમણા જડબા-કાન પાસે ચપ્પુ વડે ઘા માર્યા હતા. વૈશાલીબેને બોનીને આજે મારી જ નાખવો છે બચી ગયો તેમ કહેવા લાગી હતી. મારા માસી રેખાબેન દશરથભાઈ સોલંકીને પણ લાફા વડે માર માર્યો હતો. મહોલ્લાના લોકો ભેગા થતા 108 એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી અને તમામને સયાજી હોસ્પિટલ ખસેડાયા હતા. બોનીની હાલત ગંભીર હોવાથી તેને ખાનગી હોસ્પિટલમાં રિફર કરાયો છે. નીકુલ હાલ સારવાર હેઠળ છે હોવાનું જાણવા મળી રહ્યું છે. વારસિયા પોલીસે રમેશભાઈ મારવાડી તેની પત્ની વૈશાલીબેન મારવાડી અને પુત્ર પ્રેમ મારવાડી વિરૂદ્ધ ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી છે.

મૉલની બાજુમાં જ પેટ્રોલ પંપ હોવાથી 'મેજર કોલ' જાહેર

નટુભાઈ સર્કલ પાસેના સિને મૉલમાં ભીષણ આગ, આકાશમાં ધુમાડાના કાળા ગોટાથી દહેશત

બહાર ઉભેલી કારમાં બ્લાસ્ટ બાદ આગ એસી યુનિટ મારફતે આખા મૉલમાં પ્રસરી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

નટુભાઈ સર્કલ પાસે આવેલા જાણીતા સિને મૉલ માં આજે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. મૉલમાં સિને પ્રાઇમ સિનેમા અને અનેક વ્યવસાયિક દુકાનો આવેલી હોવાથી મોટી દુર્ઘટનાની ભીતિ સેવાઈ રહી હતી. જોકે, સદનસીબે અત્યાર સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૉલના બહારના ભાગમાં ઉભેલી એક ગાડીમાં અચાનક બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટને કારણે લાગેલી આગની જ્વાળાઓ મૉલની દિવાલ પર લાગેલા એસી ના આઉટર યુનિટ સુધી પહોંચી ગઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને આગ મૉલના અલગ-અલગ ફ્લોર પર પ્રસરી ગઈ હતી. આકાશમાં કાળા ધુમાડાના ઘટ્ટ ગોટા ઉડતા જોઈ લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. મૉલની બિલકુલ બાજુમાં જ એક પેટ્રોલ પંપ આવેલો હોવાથી ફાયર બ્રિગેડ દ્વારા આ ઘટનાને 'મેજર કોલ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આગ લાગી ત્યારે પેટ્રોલ પંપ પર એક ઈંધણનું ટેન્કર ઉભું હતું, પરંતુ સમયસૂચકતા વાપરીને ટેન્કરને તુરંત ત્યાંથી ખસેડી લેવામાં આવ્યું હતું, જેના કારણે એક મોટી હોનારત ટળી હતી. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

સોમાતળાવ વિસ્તારમાં 6 વર્ષીય બાળકી સાથે નશેડીએ શારીરિક અપડલા કર્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરમાં હવે સગીર વયની કન્યાઓ જો એકલી રાખવી એ માતા પિતા માટે ચિંતાનો વિષય બન્યો છે. અલગ અલગ વિસ્તારોમાં સગીરાઓ સાથે બની રહેલા શારીરિક છેડછાડ અને દુષ્કર્મના બનાવોને ધ્યાનમાં રાખીને પરિવારના સભ્યોમાં પણ એક પ્રકારનો ડર ફેલાઇ ગયો છે. ત્યારે વધુ એક સગીરા નરાધમન ભોગ બની હતી. જેમા સોમા તળાવ વિસ્તારમાં આવેલા રહેતો 22 વર્ષીય સુનિલ રાઠવા પીધેલી હાલતમાં ઉત્તરાયણના દિવસે અગાસી પર હતો.

દરમિયાન 6 વર્ષની બાળકી પણ ત્યાં હાજર હતી. સગીરના પિતા પતંગ ચગાવવામાં વ્યસ્ત હોય ત્યારે આ નરાધમે માસૂમ સગીર બાળકી સાથે આવ્યો હતો અને તેના શારીરિક અડપલા નરાધમ કરવા લાગ્યો હતો. જેથી સગીરા ગભરાઈની અગાસી પર દોડી નીચે તેની પાસે આવી ગઈ હતી અને માચા બાડીરડવા લાગી હતી. જેથી માતાએ દીકરીને છાતી સરસી લગાવી આશ્વાસન આપ્યું હતુ અને પ્રેમથી તેની સાથે શુ બન્યું તેની હકીકત પૂછતા દીકરીઆ માતાને સુનિલ રાઠવાના નામના શખ્સેતેની સાથે શારીરિક અપડલા કર્યાં હતા. જેથી આ વાત સંભળીને માતાના પગ નીચેથી જમીન સરકી ગઇ હતી. જેથી મહિલાએ પોતાની દીકરી સાથે બનેલી ઘટના બાબતે પોતાના પોતાના પતિને જાણ કર્યા બાદ કપુરાઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરી કલાકોમાં નરાધમ સુનિલ રાઠવા વિરુદ્ધ પોક્સ એક્ટ હેઠળ ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

માતાએ જણાવ્યું હતું કે મારી 6 વર્ષીય દીકરીને પીધેલી હાલતમાં સુનિલ રાઠવા મારી દીકરી સાથે શારીરિક અપડલા કર્યાં હતા. જો દીકરી તેની ચુંગાલમાંથી ના દોડીને ભાગી હોય તો કદાચ તેની સાથે કોઇ દુર્ઘટના ઘટી જાત. જેથી આ નરાધમ સામે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ.

ઉતરાયણ પહેલા બૂટલેગરો પર પોલીસ ત્રાટકી, રૂ.7 લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

2 શખ્સની ધરપકડ, દારૂ સપ્લાયર અને મંગાવનાર સહિત 2 આરોપી વોન્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 15

ઉતરાયણના તહેવાર દરમિયાન દારૂની રેલમછેલ કરવા બુટલેગરો દ્વારા મંગાવવામાં આવેલા વિદેશી દારૂના જથ્થા પર વડોદરા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કરવામાં આવેલા ચેકિંગ અને પેટ્રોલિંગ દરમિયાન પોલીસે કુલ રૂ.7 લાખથી વધુ કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપીને બે શખ્સોની ધરપકડ કરી છે, જ્યારે બે આરોપીઓને વૉન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

ઉતરાયણના તહેવાર પૂર્વે દારૂની હેરાફેરી અને ગેરકાયદેસર વેચાણ અટકાવવા વડોદરા શહેર પોલીસ સતર્ક બની હતી. જેના ભાગરૂપે કપુરાઈ પોલીસે નેશનલ હાઈવે નંબર-48 પર પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે કચરાના ઢગલા અને મુસ્લિમ સમાજના કબ્રસ્તાન પાસે આવેલા ગંદા નાળા વિસ્તારમાં વોચ ગોઠવી હતી. આ દરમિયાન એક મહિન્દ્રા બોલેરો કારને રોકી તપાસ કરતાં ખાખી રંગના બોક્સમાંથી રૂ.5.44 લાખ કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર ચાલક ભુપેન્દ્ર ભારતસિંહ તોમર (રહે. બડી સરદી, પટેલ ફળીયું, તા. કઠીવાડા, જિ. અલીરાજપુર, મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી છે. દારૂ પૂરો પાડનાર બાપુસિંગ તોમર (રહે. બડી સરદી, અલીરાજપુર, મધ્યપ્રદેશ) અને દારૂ મંગાવનાર સોનું (રહે. વોરા ગામડી, વડોદરા)ને વૉન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

બીજી તરફ, મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન ગોરવા પોલીસે ઝાંસી કી રાણી સર્કલ પાસેથી રૂ.1.59 લાખ કિંમતના વિદેશી દારૂ અને બિયર સાથે રાજ હરીશ ઠાકોર (રહે. બી/પી રેસકોર્સ સોસાયટી, ઝાંસી કી રાણી સર્કલ પાસે, ગોરવા, વડોદરા)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.